પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૬૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૧૧-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### PM મોદીએ દાવો કર્યો

# ૧૦ વર્ષમાં ગરીબોના ખાતામાં ૩૩ લાખ કરોડ રૂપિયા જમા થયા, ગરીબોને ઘર, મફત રાશન, મફત સારવાર હોવી જોઈએ

સતના,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે મધ્યપ્રદેશના સતનામાં ભાજપના ઉમેદવારો વતી ચૂંટણી રેલી યોજી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે અમારી સરકારે દેશમાં ગરીબ લોકોને ચાર કરોડ પાકાં મકાનો આપ્યા છે. તેમણે કહ્યું કે મેં મફત રાશન યોજનાને આગામી પાંચ વર્ષ સુધી લંબાવવાનો સંકલ્પ કર્યો છે. આ સાથે તેમણે રાજ્યની જનતાને ભાજપને મત આપવા અપીલ કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે તમારો દરેક વોટ મોદીને દિલ્હીમાં મજબૂત બનાવવામાં અને રાજ્યમાં કોંગ્રેસને સત્તાથી દૂર રાખવામાં મદદ કરશે.

પીએમ મોદીએ કહ્યું કે ગરીબોને ઘર, મફત રાશન, મફત સારવાર હોવી જોઈએ. આ માટે ભાજપ સરકાર લાખો કરોડો રૂપિયા ખર્ચી રહી છે. તેમણે દાવો કર્યો કે દેશના પૈસાનો ઉપયોગ ગરીબો માટે થઈ રહ્યો છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે દેશના લાખો કરોડ રૂપિયા ટુજી કૌભાંડ, કોલસા કૌભાંડ, કોમનવેલ્થ કૌભાંડ અને હેલિકોપ્ટર કૌભાંડમાં ગયા હતા. મોદીએ કૌભાંડો બંધ કર્યા અને કોંગ્રેસના ભ્રષ્ટાચારના સમયગાળામાં જે વચેટિયા હતા તેને પણ અટકાવ્યા.



વડાપ્રધાન મોદીએ દાવો કર્યો હતો કે ભાજપ સરકારે સરકારી યોજનાઓના પૈસા ગરીબોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાનું શરૂ કર્યું છે. આ સાથે તેમણે કહ્યું કે જો ભૂલથી પણ કોંગ્રેસ આવી જશે તો તમને સરકાર તરફથી મળતી તમામ મદદ બંધ કરી દેવામાં આવશે. તેમણે કહ્યું કે ભાજપ સરકારે ૧૦ વર્ષમાં ૩૩ લાખ કરોડ રૂપિયા સીધા ગરીબોના બેંક ખાતામાં મોકલ્યા છે. આમાંથી એક રૂપિયો પણ વાળી શકાયો નથી. પીએમએ કહ્યું કે નકલી લાભાર્થી કૌભાંડ એ વાતનો જીવંત પુરાવો છે કે કોંગ્રેસ કેવી રીતે ગરીબોના અધિકારો છીનવી લે છે.

પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ અને તેના અનુયાયીઓને આટલું મોટું નુકસાન થયું છે, જો ભ્રષ્ટાચારનું કાળું નાણું બંધ થઈ જશે તો શું તેઓ મોદીનો દુરુપયોગ કરશે કે નહીં. જેના કારણે અત્યાચારો થઈ રહ્યા છે. મેં દુકાન બંધ કરી. તમે દિલ્હીમાં ચોકીદારની પોસ્ટ કરી. પીએમ મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકાર સતનામાં પર્યટન ક્ષેત્રે ઘણું સારું કામ કરી રહી છે. ૩ ડિસેમ્બરે ભાજપની જીત બાદ તમામ વિકાસના કામોને વેગ મળશે. હું પ્રથમ વખત મતદાન કરી રહેલા યુવાનોને કહેવા માંગુ છું કે તમે આ ચૂંટણીનું નેતૃત્વ કરો. આ ધારાસભ્યને પસંદ કરવાની ચૂંટણી નથી પરંતુ પોતાનું ભવિષ્ય પસંદ કરવાની છે. ભાજપના કાર્યકર્તાઓની પ્રશંસા કરતા પીએમ મોદીએ કહ્યું કે દરેક બીજેપી કાર્યકર મારા માટે આદરણીય છે.

### જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે દેશના લાખો કરોડ રૂપિયા ટુજી કૌભાંડ, કોલસા કૌભાંડ, કોમનવેલ્થ કૌભાંડ અને હેલિકોપ્ટર કૌભાંડમાં ગયા હતા

પીએમ મોદીએ કહ્યું કે આજે સમગ્ર વિશ્વમાં ભારતનો અવાજ સંભળાઈ રહ્યો છે. તમારા મતમાં ત્રિવિધ શક્તિની હિંમત છે. તમારા વોટથી અહીં ભાજપની સરકાર બનશે, તમારો વોટ મોદીને મજબૂત કરશે. તમારો આ જ વોટ સાંસદને ભ્રષ્ટ કોંગ્રેસ સરકારથી ૧૦૦ કરોડ દૂર લઈ જશે. મતલબ એક મત, ત્રણ અજાયબીઓ. પીએમ મોદીએ કહ્યું કે આ વખતે મધ્યપ્રદેશની ચૂંટણી ખૂબ જ રસપ્રદ છે. આ વખતે માતાઓ અને બહેનો સાંસદનું ભવિષ્ય નક્કી કરવા જઈ રહી છે. કોંગ્રેસના જુઠ્ઠાણાનો ફુગ્ગો ફુટી ગયો છે. જ્યારે બલૂનમાંથી હવા નીકળી જાય છે, ત્યારે તે ધ્રૂજી જાય છે. તેવી જ રીતે કોંગ્રેસના નેતાઓ પણ લથડી રહ્યા છે. કોંગ્રેસ પાસે સાંસદના વિકાસ માટે કોઈ રોડમેપ નથી. એમપીના નેતાઓને અહીંના યુવાનોનું કોઈ ભવિષ્ય દેખાતું નથી. દેશવાસીઓ જાણે છે કે મોદીની ગેરંટી એટલે દરેક ગેરંટી પૂરી કરવાની ગેરંટી. પીએમ મોદીએ કહ્યું કે હું જ્યાં પણ જાઉં છું ત્યાં રામ મંદિરની ચર્ચા થાય છે. સમગ્ર દેશમાં ખુશીની લહેર છે. આપણે ભક્તિમાં ડૂબેલા લોકો છીએ. અમે રામ મંદિર ભક્તિથી બનાવીએ છીએ અને એ જ નિષ્ઠાથી ગરીબો માટે ઘર બનાવીએ છીએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીથી વિશેષ વિમાન દ્વારા ખજુરાહો પહોંચ્યા અને ત્યાંથી હેલિકોપ્ટર દ્વારા સતના પહોંચ્યા. તમને જણાવી દઈએ કે પીએમ મોદીની ૧૫ દિવસમાં જિલ્લાની આ બીજી મુલાકાત હશે. વાસ્તવમાં, ૧૭ નવેમ્બરે રાજ્યની તમામ ૨૩૦ બેઠકો પર મતદાન થશે અને મતગણતરી ૩ ડિસેમ્બરે થશે.

# પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના ૮૦ માછીમારોને મુક્ત કરાયા

અમદાવાદ,

દિવાળી આવતા પાકિસ્તાનની જેલમાં બંધ ભારતીય માછીમારોને પણ મળ્યા ખુશીના સમાચાર. તેમના પરિવારોની પણ લાંબા સમયથી જોવાતી આતુરતાનો આવ્યો અંત. દિવાળીના તહેવાર સમયે પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોને જેલમુક્ત કરવાનો નિર્ણય લેવાયો. જેને પગલે પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના ૮૦ માછીમારોના પરિવારોની દિવાળી સુધરી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પાકિસ્તાનની જેલમાં કેદ ૮૦ ગુજરાતી માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા હતા. બુધવારના રોજ ૮૦ માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા હતા આ માછીમારો ૧૦ નવેમ્બરના વાઘા બોર્ડર પર પહોંચશે જ્યાંથી તમામને ટ્રેન મારફતે વેરાવળ લાવવામાં આવશે. જોકે હજુ ૧૪૩



ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે. આ તમામ ૮૦ ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં ૨૦૨૧થી કેદ હતા.માછીમારોની વાત કરીએ તો ગીર સોમનાથ જિલ્લાના ૫૯, દેવભૂમિ દ્વારકાના ૧૫, જામનગરના ૦૧, અમરેલીના ૦૨, દીવના ૦૩ માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા હતા.

તાજેતરમાં જ બીમારીના કારણે પાકિસ્તાનની કરાચી જેલમાં બંધ કોડીનાર તાલુકાના દુદાણા ગામના માછીમાર ભુપત વાળાનું મોત થયું હતું. ભુપત વાળાના મૃતદેહને દુદાણા ગામ ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં ગ્રામજનોએ તેમના અંતિમ સંસ્કાર કર્યા હતા. દુદાણા ગામના માછીમારનું ૯ ઓક્ટોબરના રોજ મોત થયું હતું. રાત્રે અચાનક શ્વાસ લેવામાં તકલીફ પડતા જેલમાં બંધ ભુપત વાળા નામના માછીમારને પાકિસ્તાનની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ફિશરીઝ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, અવસાન પામેલા માછીમાર ભુપત વાળા પાછલા ૨ વર્ષથી પાકિસ્તાનની જેલમાં હતા. નોંધનીય છે કે તાજેતરમાં જ પોરબંદરના દરિયામાં બે દિવસીય ઓપરેશન સાગર સુરક્ષા કવચનો પ્રારંભ કરવામા આવ્યો હતો. આ ઓપરેશનમાં વિવિધ સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. પોરબંદર પોલીસ દ્વારા દરિયામાં બોટનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. માછીમારોના આઈ.ડી.પ્રુફ સહિતના ચકાસણી કરવામાં આવી હતી. તો સાથો સાથ માછીમારોને પણ દરિયાઈ સુરક્ષાને લઈ ને જાગૃત કરવામાં આવ્યા હતા. ઓપરેશન સાગર સુરક્ષા કવચને લઈ પોરબંદરના અસ્માતી ઘાટ નજીક પણ પોલીસ જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા.

# દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર વધી રહ્યું છે, દ્વારકામાં સૌથી વધુ ૪૫૯ પર પહોંચ્યું

નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્હી અને તેની નજીકના એનસીઆર વિસ્તારમાં વાયુ પ્રદૂષણની અસર ચાલુ છે. વિવિધ નિયમો લાગુ કરવા છતાં અહીં પ્રદૂષણમાં કોઈ ફેરફાર જોવા મળી રહ્યો નથી. ધુમ્મસના કારણે લોકોના શ્વાસ રૂંધાવા લાગ્યા છે. બુધવારની જેમ આજે ૯ નવેમ્બરે હવા ગુણવત્તા સૂચકાંક ગંભીર શ્રેણીમાં રહ્યું છે જો કે, પરિસ્થિતિ જોતા એવું લાગતું નથી કે એકયુઆઈમાં આગામી દિવસોમાં કોઈ સુધારો થવાની શક્યતા છે. ગુરુવારે દિલ્હીના દ્વારકામાં સૌથી વધુ એકયુઆઈ નોંધાયો હતો. સવારે દ્વારકામાં એકયુઆઈ ૪૫૯ એટલે કે ગંભીર શ્રેણીમાં નોંધાયો હતો. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા અનુસાર સમગ્ર દિલ્હીમાં હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં છે. મળતી માહિતી મુજબ દ્વારકા સેક્ટર ૮માં ૪૫૯, આરકે પુરમમાં ૪૫૩, ન્યુ મોતી બાગમાં ૪૫૨, નેહરુ નગરમાં ૪૫૨, નજફગઢમાં ૪૪૯,આઈજીઆઈ એરપોર્ટમાં ૪૪૬, પંજાબી બાગમાં ૪૪૫,આઈટીઓમાં ૪૪૧, વજીરપુરમાં ૪૩૯, ૪૩૮. શાદીપુરમાં, બવાનામાં ૪૩૭ એકયુઆઈ નોંધાયો છે. એકયુઆઈ પટપંડગંજમાં ૪૩૪, ઓખલામાં ૪૩૩, જહાંગીરપુરીમાં ૪૩૩, આનંદ વિહારમાં ૪૩૨, મુંડકામાં ૪૨૮, સોનિયા વિહારમાં ૪૨૩, સિરીફોર્ટ દિલ્હીમાં ૪૨૨ અને ડીટીયુમાં ૪૦૨ નોંધાયા છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા અનુસાર ૮ નવેમ્બરે દિલ્હીમાં પીએમ ૨.૫ની માત્રા ૨૪૭ નોંધાઈ હતી. તમને જણાવી દઈએ કે આ ખરાબ શ્રેણી દર્શાવે છે. જ્યારે પીએમ ૧૦ ની માત્રા ૪૨૬ નોંધાઈ છે. તમને જણાવી દઈએ કે આ સરેરાશ કરતા બમણું છે. ગુરુવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા છે. મળતી માહિતી મુજબ બપોર અને સાંજથી પવનની દિશા બદલાવાને કારણે પ્રદૂષણનું સ્તર વધ્યું હતું. ગુરુવારે પવન ઉત્તર-પશ્ચિમથી ફૂંકાયો હતો અને દિલ્હીનું આકાશ આંશિક વાદળછાયું રહ્યું હતું અને કેટલીક જગ્યાએ હળવો વરસાદ પણ પડયો છે.




# અસારવા સિવિલમાં કલાકો સુધી ડૉક્ટર ન આવતા ૧૧ માસના બાળકનું મોત

અમદાવાદ,

અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલના તબીબની ગંભીર બેદરકારી સામે આવી છે. વાત જાણે એમ છે કે, સિવિલ હોસ્પિટલમાં કલાકો સુધી તબીબ ન આવતા બાળકનું મોત થયું હોવાનો ગંભીર આક્ષેપ થતાં ખળભળાટ મચી ગયો છે. પ્રાથમિક વિગતો મુજબ કલાકો સુધી સારવાર ન મળતા જૂનાગઢના ૧૧ માસના બાળકનું મોત થયું છે.

અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે રોજના હજારોની સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. જોકે અમુક વાર અનેક હોસ્પિટલમાં તબીબની બેદરકારીને કારણે દર્દીની મોત પણ થતું હોય છે. આવી જ એક ઘટના અમદાવાદ અસારવા સિવિલ હોસ્પિટલમાં બની છે. વિગતો મુજબ જૂનાગઢના ૧૧ માસના બાળકને સારવાર માટે અસારવા સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. જોકે સમયસર સારવાર નહીં મળવાના કારણે બાળકનું મોત થયાનો ગંભીર આક્ષેપ થયો છે.

માહિતી પ્રમાણે જુનાગઢના આ બાળકને ઓપરેશન કર્યા બાદ બાળકને સખત તાવ રહેતો હતો. જે બાદમાં બાળકને શુક્રાણું કોથળીના ઈલાજ માટે લવાયો હતો. જોકે સિવિલ હોસ્પિટલમાં કલાકો સુધી તબીબ ન આવતા સારવારના અભાવે બાળકનું મોત થયું હોવાનો આક્ષેપ થયો છે. આ તરફ હવે સમગ્ર મામલે સમગ્ર મામલે તપાસ કમિટીની રચના કરાઈ છે.

# નકલી સરકારી કચેરી કેસમાં આરોપીના ૭૦ બેંક ખાતામાં રહેલા ૩ કરોડ રૂપિયા કર્યા ફ્રીઝ



છોટાઉદેપુર,

છોટાઉદેપુરમાં સરકારને ૪ કરોડથી વધારેનો ચુનો લગાવનાર આરોપીઓના રિમાન્ડ પુર્ણ થતા તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જે બાદ ત્રણેય આરોપીના વધુ એક દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. આ કેસમાં અત્યારસુધી ૩થી વધારેની ધરપકડ કરવામાં આવી છે. જો કે આરોપી પાસેથી અનેક માહિતી જાણવા મળી હતી.

મહત્વનું છે કે પોલીસે ૨૭ બેંક ખાતામાં રહેલા આસરે ૩ કરોડ રૂપિયા ફ્રીઝ કર્યા હતા, આ ઉપરાંત અલગ અલગ ૭૦ બેંક ખાતા પણ ફ્રીઝ કર્યા હતા. મુખ્ય આરોપી સહિત બાકીના ૩ આરોપીના રિમાન્ડ પૂર્ણ થતા તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને ત્રણય આરોપીના વધુ એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

અભિનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
રેબારી દુ.ઉ. સ.મં.લી.
તરફથી અભિનંદન....
મુ. રેબારી,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભિનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
રાઠવા રમેશભાઇ ચંદ્રસિંહ
તરફથી અભિનંદન....
મુ. સાગટાળા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

# મહીસાગર જીલ્લામાં તા. ૨૨ નવેમ્બર થી બે માસ સુધી ભ્રમણ કરશે વિકસિત ભારત સંકલ્પ યાત્રા


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે મહીસાગર જીલ્લામાં આગામી તા. ૨૨ થી બે માસ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામેગામ ફરવાની છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા મહીસાગર જીલ્લાને ત્રણ રથોની ફાળવણી કરવામાં આવી છે. આ રથના ગામોમાં આગમન સાથે વિવિધ પ્રકારના કાર્યક્રમો પણ યોજાશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુચારૂ સંચાલન માટે મહીસાગર જીલ્લા સેવાસદન ખાતે મળેલી બેઠકમાં કલેક્ટર ભાવિન પંડ્યાએ જણાવ્યું કે, આ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવાના છે. યાત્રા દરમિયાન મહીસાગર જીલ્લામાં સો ટકા લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ આવરીને આયોજન સાથે યોજનાની માહિતી લોકો સુધી પહોંચે એ માટે ગામડાઓમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી PRANAM યોજના અને નેનો ફર્ટિલિજેર યોજના સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે સાથે ટ્રાઈબલ તાલુકામાં સિકલ સેલ એનીમિયા એલિમિનેશન મિશન,એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં નોંધણી, શિષ્યવૃતિ યોજનાઓ, વન અધિકાર- વ્યક્તિગત અને સામુદાયિક જમીન, વન ધન વિકાસ કેન્દ્ર ( સ્વસહાય જૂથોનું આયોજન) આવરી લેવામાં આવી છે. જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલએ જણાવ્યું કે, મહીસાગર જીલ્લામાં આગામી તા. ૨૨ નવેમ્બરથી આ યાત્રાનો પ્રારંભ થશે. જે જીલ્લાના ગ્રામ પંચાયતોમાં પરિભ્રમણ કરશે. આ માટે જીલ્લા કક્ષા અને તાલુકા કક્ષાએ અમલીકરણ સમિતિની રચના કરવાની સાથે નોડેલ અધિકારીઓની પણ નિમણૂંક કરવામાં આવી છે. સરકારની યોજનાને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવા માટે પાત્રતા ધરાવતા એક પણ લાભાર્થી છૂટી ના જાય એ પ્રયત્નો કરવા તેમણે સૂચના આપી હતી. ગામેગામ આ યાત્રાનું સ્વાગત, લાભાર્થીઓની સાફલ્ય ગાથા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર, પ્રાયોજના વહીવતદાર, આરોગ્ય અધિકારી જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, આયોજન અધિકારી, પ્રાંત અધિકારીઓ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લા સેવા સદન ખાતે એન.સી.ડી. તથા સિકલસેલ નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



મહીસાગર,

મહીસાગર જીલ્લા સેવા સદન લુણાવાડા ખાતે એન.સી.ડી તથા સિકલસેલ નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પની જીલ્લા કલેકટર ભાવિન પંડયા, જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સી આર પટેલે આરોગ્ય ચકાસણી કરાવી કેમ્પની શરૂઆત કરાવી હતી.

આયુષ્યમાન ભવ અભિયાન અંતર્ગત ૩૦ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિઓને બીન ચેપી રોગો જેવા કે ડાયાબિટીઝ, હાયપર ટેન્શન, કેન્સર, એનિમિયા તથા સિકલ સેલ અટકાયતના નિયંત્રણના પગલાંના ભાગરૂપે સ્ક્રીનીંગ અને નિદાન માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લા સેવા સદન અને જીલ્લા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ કચેરીમાં કામ અર્થે આવેલ નાગરિકોએ આ કેમ્પનો લાભ લીધો હતો અને વિવિધ પરીક્ષણો સાથે સ્વાસ્થ્ય તપાસ કરાવી મેડિકલ ઓફિસર દ્વારા જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ કેમ્પમાં બ્લડ પ્રેશર, સુગર, હિમોગ્લોબીન, સિકલસેલ ટેસ્ટ, વજન ઊંચાઈની સાથે બી એમ આઈ કાઢવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પમાં આભા કાર્ડ બનાવવાની કામગીરી કરવામાં આવી હતી. આ કેમ્પનું આયોજન અને મોનીટરીંગ અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સી આર પટેલિયા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દાહોદમાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''ના આયોજન અંગેની બેઠક યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કલેકટર ડો હર્ષિત ગોસાવીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''ના આયોજન અંગેની બેઠક યોજાઈ હતી.

સમગ્ર દેશમાં ૧૫ નવેમ્બરથી ૨૬ જાન્યુઆરી સુધી ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' યોજાશે જે અન્વયે તારીખ ૨૨ નવેમ્બર ૨૦૨૩થી દાહોદ જીલ્લાના વિવિધ વિસ્તારોમાં રથ મારફતે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''નો શુભારંભ થશે. આ યાત્રામાં સરકારના છેલ્લા દસ વર્ષના વિકાસ કામો અંગે જાણકારી અપાશે.

આ બેઠકમાં કલેકટર ડો.હર્ષિત ગોસાવીએ ''વિકસિત ભારત રથ યાત્રા''ની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે આ રથના સ્થાનિક કક્ષાએ થનારા સ્વાગત દરમ્યાન સરકારની યોજનાનું સાહિત્ય વિતરણ કરાશે.તેમજ સરકારની વિવિધ યોજનાઓના લભાર્થીઓને યોજનાનો લાભ મળી રહે તે બાબતને સુનિશ્ચિત કરવામાં આવશે વિકસિત યાત્રા અન્વયેની પ્રારંભિક ફિલ્મ પ્રસારિત કર્યા બાદ વડાપ્રધાનનો સંદેશ અને સંકલ્પ અંગેનો વિડિયો પ્રસારિત કરાશે.'મેરી કહાની મેરી જુબાની''ના લાભાર્થીઓની સાફલ્યગાથાનું પ્રસારણ કરાશે. તેમજ મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપના સભ્યો, શાળાના વિદ્યાર્થીઓ અને સ્થાનિક કલાકારો દ્વારા ધરતી કહે પુકાર કે, સ્વચ્છતા ગીતની સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવશે.''વચવંદના સમારંભ'' નિમિત્તે સ્થાનિક વડીલ નાગરિકોનું સન્માન કરાશે.

આ યાત્રા દરમ્યાન યોજનાકીય કિવઝ, મહિલા લાભાર્થીઓને પ્રમાણપત્ર આપવાની કામગીરી, તેમજ સ્થળ પર જ આરોગ્ય શિબિરો (ટીબી સ્કીનીંગ, આદિવાસી વિસ્તારોમાં સિકલ સેલ એનિમિયા સ્કીનીંગ), પી.એમ. ઉજ્જ્વલા નવી નોંધણી અને બાયોમેટ્રિક પ્રમાણીકરણ, માય ભારત સ્વયંસેવક નોંધણી અંગેની ખરાઇ કરવામાં આવશે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા નાયબ પોલીસ અધિક્ષક રાઠોડ, અધિક નિવાસી કલેકટર એ.બી.પાંડોર, ડી.આર.ડી.એ.ના નિયામક બી.એમ.પટેલ, પ્રાંત અધિકારીઓ ચીફ ઓફિસર્સઓ, સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લામાં તા. ૯ ડિસેમ્બરના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે

દાહોદ,

જીલ્લામાં તા. ૯ ડિસેમ્બર ૨૦૨૩ને શનિવારના રોજ ભવ્ય નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે. આથી દાહોદ જીલ્લાના રહેવાસીઓને તથા લાગતા વળગતાં તમામ લોકોની જાણ કરવામાં આવે છે કે, નામદાર રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ ન્યૂ દિલ્હીના આદેશથી નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ દાહોદ ખાતે ચેરમેન અને પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટ, જીલ્લા અદાલત દાહોદના અધ્યક્ષ સ્થાને તથા તાલુકા કક્ષાએ જેમાં ચેરમેન અને મેં. જ્યુડી.મેજી. ના અધ્યક્ષ સ્થાને દેવગઢ બારીયા, લીમખેડા, ઝાલોદ, ગરબાડા, ધાનપુર, ફતેપુરા અને સંજેલી કોર્ટોમાં તા. ૦૯/૧૨/૨૦૨૩ ના શનિવારના રોજ સવારે ૧૦ : ૩૦ કલાકે નેશનલ લોક અદાલત યોજાનાર છે.

આ લોક અદાલતમાં દાહોદ જીલ્લાની તમામ કોર્ટોમાં ચાલતા ક્રિમીનલ કમ્પાઉન્ડેબલ, નેગો. ઈન્સ્ટ્રુ.એક્ટ ની કલમ ૧૩૮ હેઠળના કેસો, બેંક રિકવરી વળતરના કેસો, વાહન અક્સ્માતના રિપોર્ટવાળા કસો તથા દરખાસ્તો સહીત, કૌટુંબિક તથા લગ્ન જીવનને લગતા કેસો, શ્રમ યોગી સંબધિત તકરારને લગતા કેસો, જમીન સંપાદન હેઠળના કસો, વીજળી તથા લાઈટ બિલના કેસો (ચોરી સિવાયના કેસો), દીવાની કેસો જેવા કે ભાડુવાત સંબધિત, બેંક લેણાં તથા સિવિલ દરખાસ્તો કોર્ટમાં પેન્ડિંગ હોઈ તેવા કેશો લોક અદાલતમાં મૂકી પક્ષકારોની સંમતિથી સમાધાનથી ફેસલ કરી શકાશે.

વધુમાં, ઉપરોક્ત જણાવેલ કેસોમાં લોક અદાલતના માધ્યમ થી સમાધાન કરવા ઈચ્છા ધરાવતા તમામ પક્ષકારોને સંબંધિત કોર્ટનો સમ્પર્ક કરી તાત્કાલિક અરજી કરવી જેથી સામ પક્ષકારને નોટિસ કરી હાજર રખાવી સમાધાનથી કેસ પૂરો કરી શકાય. પ્રિલીટીગેશન કેસો તથા પેન્ડિંગ કેસો જે દાહોદ જીલ્લા ન્યાયાલય કે તાલુકા કક્ષાની અદાલતોનો કાર્યક્ષેત્રમાં હોય ત્યાં આપ કે આપના વકીલએ સંબંધીત કોર્ટમાં આપનાં કેશ તા.૦૯/૧૨/૨૦૨૩ (શનિવાર) ના રોજ આયોજીત ''રાષ્ટ્રીય લોક અદાલત''માં મૂકવા સંપર્ક કરી શકો છો.

લોક અદાલતમાં કેસોનો ઝડપી નિકાલ આવે છે અને વળતર અરજીના કિસ્સામાં અરજદારને વળતરના નાણાં ઝડપથી મળે છે. આ લોક અદાલતનો મહત્તમ લાભ લેવા અને આ લોક અદાલત માં તમામ પ્રકારના સમાધાનપાત્ર કેસો મુકવા માટે દાહોદ જીલ્લાના દરેક વિ. વકીલઓને તથા નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે.

# લીમડીના બિલવાણી ખાતે અગીયાર કુંડી ચંડી મહાયજ્ઞનું ભૂમિ પૂજન કરાયું



દાહોદ,

એકાદશીના પવિત્ર દિવસે આગામી તા.૧૬-૧-૨૪ થી આરંભનારા પંચ દિવસીય અગીયાર કુંડી સહસ્ત્ર ચંડી મહા યજ્ઞનું ભૂમિ પૂજન સંપૂર્ણ વેદોક્ત વિધિ થી યજ્ઞ ભૂમિ બિલવાણી,લિમડી દાહોદ જીલ્લાખાતે સંપન્ન થયું. આ મહા યજ્ઞનાં ભૂમિનું પૂજન અર્ચન ઈન્દોરથી પધારેલ વિદ્વાન ભૂદેવો દ્વારા થયું.

આ પાવન પ્રસંગે દાહોદથી વિશેષ રૂપે વિદ્વાન શાસ્ત્રીજી અને મદ્ ભાગવતના પ્રસિદ્ધ કથાકાર નલિનભાઈ ભટ્ટ પધાર્યા હતા, તેમજ યજ્ઞનું આચાર્યપદ જેઓ શોભાવવાના છે તે પંડિત પ્રવીણભાઈ પુરોહિતજી અને સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ માટે યોજાયેલા આ યજ્ઞના આયોજક દાહોદ તાલુકા ભાજપ પ્રમૂખ મુકેશભાઈ લબાના પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ ગિરવરસિહ ચૌહાણ, ભાવેશભાઈ પંચાલ, જયેશભાઈ અગ્રવાલ, ગનુભાઈ ભૂરિયા તથા ગામના આગેવાનો તથા આ મહાયજ્ઞ જેમના ખેતરમાં થવાનો છે. સપરિવાર ઉપસ્થિત રહ્યાં હતાં. સનાતન ધર્મના આ ભવ્ય મહાયજ્ઞમાં સૌના તન મન ધન થી સાત સહકાર આપી રાષ્ટ્ર કલ્યાણ માટે સાથે મળી બધાનાં સાથ સહકાર કરવામા આવશે.

# ગરબાડા તાલુકાના જેસાવાડા નજીક કાળીયા કોતરના વળાંક પાસ અકસ્માતમાં ત્રણના મોત


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના છરછોડા ગામના સિમોડા ભાભોર ફળિયાના ૨૮ વર્ષીય પવાભાઈ ભાવસિંગભાઈ પરમાર, તેમની પત્ની લીલાબેન પવાભાઈ પરમાર ઉંમર વર્ષ ૨૭, બે બાળકો પૈકી નકુડો પવાભાઈ ઉંમર વર્ષ ૧૦ તેમજ પુત્રી ૧૨ વર્ષીય સેજલ સાથે પોતાના કબજા હેઠળની Gj-20-AJ-7221 નંબરની બજાજ પલ્સર ગાડી પર સવાર થઈ થોડાથી જેસાવાડા તરફ જતા તા તે સમયે રસ્તામાં ધાનપુર રોડ પર સામેથી પૂર ઝડપે આવી રહેલી Gj-20-V-4560 નંબરની બોલેરો ગાડીના ચાલકે pulsar મોટર સાયકલને જોસભેર ટક્કર મારતા સર્જાયેલા ગમખવાર માર્ગ અકસ્માતમાં પલ્સર ગાડી પર સવાર એક જ પરિવારના ચારેય સભ્યો હવામાં ફંગોળાઈને જમીન પર પટકાતા ગંભીરી ઈજાઓ થઈ હતી.

જે પૈકી પવાભાઈ ભાવસિંગભાઈ પરમાર, તેમની પત્ની લીલાબેન પવાભાઈ પરમાર બે બાળકો પૈકી નકુડો પવાભાઈનું ઘટના સ્થળે મોત નીપજતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. જ્યારે આ માર્ગ અકસ્માતમાં માતા-પિતાનું છત્ર તેમજ વ્હાલસોયા ભાઈને ગુમાવનાર કમનસીબ સેજલને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સ્થાનિકોએ ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે રીફર કરી હતી જ્યાં હાલ સેજલ જીવણ મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. આ બનાવની જાણ જેસાવાડા પોલીસને થતા જેસાવાડા પોલીસ મથકના પી.એસ.આઇ રામી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને માર્ગ અકસ્માતમાં મરણ પામેલા એક જ પરિવારના ત્રણેય વ્યક્તિઓના મૃતદેહો નેપીએમ અર્થે નજીકના દવાખાને મોકલવામાં આવ્યા હતા. જયારે અકસ્માત અન્વયે બોલેરો ગાડીના ચાલક વિરૂદ્ધ અકસ્માત અંગેનો ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ દ્વારા ઘટના સંબંધે વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાના નવાગામ ખાતે પશુ રોગ નિદાન, સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પ્રાયોજના વિસ્તાર પેટા યોજના, પશુપાલન શાખા અને જીલ્લા પંચાયત, દાહોદના સહયોગથી પશુ દવાખાના દાહોદ દ્વારા દાહોદ જીલ્લાના નવાગામ ખાતે પશુ રોગ નિદાન, સારવાર અને શસ્ત્ર ક્રિયા કેમ્પ યોજાયો.

આ કેમ્પમાં ગાય તેમજ ભેંસ વર્ગના કુલ-૧૦૯ પશુઓને વિવિધ રોગોની સારવાર તેમજ જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવી હતી. સાથે ગ્રામજનોને પશુઓમાં રોગચાળો ફાટી નીકળે ત્યારે શું કરવું તેની માહિતી આપવામાં આવી.

આ કેમ્પમાં પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, નાયબ પશુપાલન નિયામક ડો.કે.એલ.ગોસાઈ, તેમજ જીલ્લા પંચાયત સદસ્ય-નવાગામ નીરજભાઈ મેડા, ગામના સરપંચ, ડેરીના ચેરમેન/સેક્રેટરી તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં આયોજીત કરવામાં આવ્યો.

# દાહોદ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોર દ્વારા પ્રતિબંધિત કૃત્યો ફરમાવતું જાહેરનામું બહાર પડાયું

દાહોદ,

જીલ્લામાં આગામી દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે જાહેર જનતાને ભયજનક હાનિકારક પર્યાવરણ તથા તથા ધ્વનિ પ્રદુષણની વિપરીત અસરથી રક્ષણ માટે તથા દિવાળીના તહેવારા દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ,અક્સ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતિ માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે દાહોદ જીલ્લા વિસ્તારમાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ પર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ એ. બી. પાંડોર દ્વારા પ્રતિબંધિત કૃત્યો ફરમાવતું જાહેરનામું બહાર પડાયું. દાહોદ જીલ્લા વિસ્તારમાં દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે. તેમાં ફટાકડા રાત્રે ૦૮:૦૦ થી ૧૦:૦૦ કલાક સુધી જ ફોડી શકાશે.તેમજ નૂતન વર્ષ અને ક્રિસમસના તહેવાર દરમ્યાન ફટાકડા રાત્રે ૨૩:૫૫ કલાકથી ૦૦:૩૦ કલાક સુધી જ ફોડી શકાશે, નામ.સુપ્રિમ કોર્ટ દવારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કેજેઓછા એમિશન ઉત્પન્ન કરે છે. તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયનાં તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ રહેશે. હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટેમાત્ર ડઊજ્ઘ સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel Level)વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર "PESO" ની સુચના પ્રમાણેનું માર્કીંગ હોવુ જરૂરી છે. ફટાકડાની બનાવટમાં બેરીયમનો ઉપયોગ થયેલ હોય તેવા ફટાકડા વેચાણ કરી શકાશે નહી. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી,રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહીં, ઈકોમર્સ વેબસાઈટ ફટાકડા વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકશે નહીં,કે ઓનલાઈન વેચાણ કરી શકશે નહીં, લોકોને અગવડ ઉભી ન થાય કોઈપણ ભયજનક પરિસ્થિતીઓનું નિમાર્ણ ન થાય તે માટેદાહોદ જીલ્લા વિસ્તારના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપો, એલ.પી.જી. બોટીંગ પ્લાન્ટ એલ.પી.જી . ગેસના સ્ટારંજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી.

કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજી બલુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહીં, તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી, દાહોદ જીલ્લાના રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર,દાહોદ જીલ્લા વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિકસંસ્થાઓના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાંફટાકડા દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.


ભારત સરકારના આયુષ્માન ભવ હેલ્થ મેલા કાર્યક્રમના અંતર્ગત ઝાયડસ હોસ્પિટલના હાડકા, સર્જરી, આંખ, કાન-નાક અને ગળા, ચામડી, મેડિસિન વિભાગના ડોકટરો દ્વારા ધાનપુર ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીઓની ચકાસણી અને સારવાર કરવામાં આવી.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

મિથુન : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે. ઓફિસમાં સાથીઓ સાથે થોડો વિવાદ થઈ શકે છે.

કન્યા : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

તુલા : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

વૃશ્ચિક : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે.

ધન : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો. આનાથી તમને ભવિષ્યમાં ફાયદો થશે.

મકર : આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે.

કુંભ : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે.

મીન : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

Vibrant GUJARAT 2024
ગુજરાત સરકાર

# શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત



માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના**
વરદ્હસ્તે

## ૧૫૫ નવા કેન્દ્રોનું ઉદ્ઘાટન

## સર્વાંગી વિકાસનું અભિયાન, પ્રત્યેક શ્રમયોગીને સન્માન

**શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ વ્યક્તિ દીઠ ₹ ૫/- માં બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારને પૌષ્ટિક ભોજન**

તા: ૧૦-૧૧-૨૦૨૩ | સમય: સવારે ૦૯:૦૦ વાગે | સ્થળ: પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઑડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ




- ૫૦ થી વધુ બાંધકામ શ્રમિકો ધરાવતી સાઈટ પર ભોજન વિતરણ
- અત્યાર સુધી કુલ ૧.૭ કરોડથી વધુ શ્રમિકોને ભોજનનું વિતરણ
- દૈનિક ૨૭ હજાર શ્રમિકોને ભોજનનું વિતરણ
- નવા કેન્દ્રો શરૂ થયા બાદ અંદાજિત દૈનિક ૭૫ હજારથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ
- રાજ્યનાં ૧૭ જિલ્લાના ૨૭૩ કેન્દ્રો પર ભોજન વિતરણ
- ૬.૮ લાખથી વધુ શ્રમિકોની નોંધણી
- ૭૫ લાખથી વધુ OPD
- ૨.૯૬ લાખ લાભાર્થીઓને ૧૭૧ કરોડની શિક્ષણ સહાય



આ યોજનાઓનો લાભ **sanman.gujarat.gov.in** પોર્ટલ પર ઓનલાઇન જઈને લઈ શકો છો.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા શહેરના વિવિધ વિસ્તારોમાં મેડિકલ સ્ટોર ઉપર

# એક ફાર્મસિસ્ટના લાઈસન્સ પર અનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા દવાઓના વિતરણથી માનવીના જાનને જોખમ

- ગોધરામાં આવેલ મેડિકલ સ્ટોર ઉપર તપાસ જરૂરી.
- મેડિકલ સ્ટોર ઉપર એક ફાર્મસિસ્ટ લાઈસન્સ પર અનેક લોકો દ્વારા થઈ રહ્યું છે દવાઓનું વિતરણ.



ગોધરા,

ગોધરા શહેરમાં આવેલ વિવિધ મેડીકલ સ્ટોર ઉપર ડિગ્રી વગરના કર્મચારીઓ દ્વારા બેફામ દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારના નિયમ હોવા છતાં ફુડ એન્ડ ડ્રગ્સ દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવતી ન હોવાથી આવા દવા સંચાલકો બેફામ બન્યા છે અને લોકોની જાનને જોખમમાં મૂકી રહ્યા છે. તે અંગે તંત્રએ તપાસ કરવા અંગે પ્રજાની ઉગ્ર માંગ છે.

પંચમહાલ જીલ્લામાં આવેલા વિવિધ સ્થળો ઉપર નાની મોટી બિમારી થતાં નજીકના મેડીકલ સ્ટોર ઉપર આધારીત હોય છે. મેડીકલ સ્ટોરમાં ચોકકસ પ્રકારની દવાનું વિતરણ થઈ રહ્યું છે. તેવા સમયે હાલમાં ઋતુ પ્રમાણે દવાની માંગ વધુ છે. આ માટે પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગણાતા ગોધરા શહેરના ઠેરઠેર વિસ્તારમાં આવેલી મેડીકલ સ્ટોર ઉપર આવી દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પરંતુ આ સ્ટોર ઉપર કોપણ જાતની ડિગ્રી તથા લાયકાત વિના બેફામ પ્રમાણે વેપલો કરીને દુકાન સંચાલક કરી રહ્યા છે. ગોધરા શહેરમાં છેક પાંજરાપોળથી આવેલ કલાલ દરવાજા, નગર પાલિકા, હોળી ચકલા, વ્હોરવાડ, સ્ટેશન રોડ સહિતના વિસ્તારોમાં અનેક મેડીકલ સ્ટોર દ્વારા દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તંત્રની ઉદાસીનતાના કારણે આવ મેડીકલ સ્ટોર ઉપર અધિકૃત કર્મચારી હાજર હોતા નથી. જે તે સમયે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં ફલાણાના નામે લાયસન્સ લઈને દુકાનનું સંચાલન કરે છે. આવા સમયે દુકાનદાર દ્વારા માત્ર અન્યના લાયસન્સ આધારે સંચાલન કરવામાં આવી રહ્યું છે. જેમાં ધોરણ ૮ થી લઈને પરિવારના સભ્યો સામેલ હોયને આવી ગેરકાયદેસર રીતે દવાનું ડાંકટર તરીકે વિતરણ કરવામાં આવી રહ્યું હોવાનું ખુલ્લેઆમ જોવા મળે છે. ગોધરા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ મેડિકલ સ્ટોર મુખ્યત્વે અન્ય ડિગ્રીધારી અરજદારો તરફી સંચાલન છે. પરંતુ માલિક કોઈ અન્ય છે. આવા સંજોગોમાં તબિબી જ્ઞાન ન ધરાવતા લેભાગુ કર્મચારીઓ આવા સ્ટોરનું સંચાલન કરીને લોકોના જાનને જોખમમાં મુકી રહ્યા છે. પોલીસ તથા ફુડ એન્ડ ડ્રગ્સ દ્વારા અવારનવાર તપાસ અભિયાન મુજબ પણ કોઈ કામગીરી નહીં કરવામાં આવતાં આવા મેડિકલ એસોશીએશન તથા ફુડ એન્ડ ડ્રગ્સ પ્રત્યે સરકારી કામગીરી પ્રત્યે શંકા ઉપજાવી રહી છે. ગોધરા શહેર એટલે પંચમહાલ જીલ્લાનું મુખ્ય મથક ગણવામાં આવે છે. આથી, છેક દાહોદ તથા મહિસાગર જીલ્લાના અંતરીયાળ વિસ્તારો માંથી બિમારગ્રસ્ત દર્દીઓ સારવાર માટે ગોધરા આવીને વિશ્વાસપાત્ર દવા મેળવવા માટે આવા ચોકકસ મેડિકલ સ્ટોર ઉપર આધાર રાખે છે. તેવા સમયે કોઈ બેઅસર બનનાર આવી દવા પણ કારગત નહીં નિવડતા નિષ્ફળ દવા છે. ગોધરા શહેરમાં આવેલા અનેક મેડિકલ સ્ટોર ઉપર લાયસન્સધારી સંચાલકોને દવાનું વિતરણ કરવાની મંજુરી આપવામાં આવી છે. તો બીજી તરફ શહેરના વિવિધ ઠેકાણે આવેલા આવા દવા વિતરણ સેન્ટર ઉપર ગેરકાયદેસર રીતે દવાઓનું બેફામ દવાઓનું વિતરણ કરીને માનવીના જાનનું જોખમ પેદા કરી રહ્યા હોવાની બુમ ઉઠી છે.

## પંચમહાલ જીલ્લાના પુરવઠા અધિકારીએ

## ગોધરાના વેલવડ પ્રા.શાળામાં આકસ્મિક તપાસ કરી મધ્યાહન ભોજનમાં આચરતા ગેરવહિવટને લઈ સંચાલિકને ફરજ મુકત કર્યા

### શાળામાં ૪૯ બાળકો હાજર હોવા છતાં ૮૫ બાળકોને ભોજન આપવાનું પત્રકમાં દર્શાવ્યું

ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારીને ફરિયાદ મળી હતી કે, કેટલીક પ્રા.શાળાઓમાં મધ્યાહન ભોજન માટેનું અનાજ સગેવગે કરવામાં આવતું હોય તેવી ફરિયાદને લઈ ગોધરા તાલુકાના વેલવડ ગામે પ્રાથમિક શાળામાં જીલ્લા પુરવઠા અધિકારીએ ટીપ સાથે આકસ્મિક તપાસ કરી હતી. તપાસ દરમિયાન ગેરરીતિ સામે આવતાં સંચાલકને ફરજ મુકત જીલ્લાભરમાં મધ્યાહન ભોજન સંચાલકોમાં ફફડાટ જોવા મળ્યા છે.

ગોધરા તાલુકાના વેલવડ પ્રાથમિક શાળા ખાતે જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા અને તેમની ટીમ દ્વારા આકસ્મિક ચેકીંગ કરવામાં આવ્યું હતું. તપાસમાં શાળાના બાળકોને પુછતા દરરોજ સાદી ખીચડી ખવડાવતા હોવાનું જણાવ્યું હતું. પુરવઠા અધિકારી દ્વારા અન્ય સ્થળે તપાસ કરતાં વેલવડ પ્રાથમિક શાળાનો મધ્યાહન ભોજનનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક શાળામાં ૪૯ બાળકો હાજર હોવા છતાં ૮૫ બાળકોને મદ્યાહન ભોજન પીરસવામાં આવ્યાનું દર્શાવેલ તપાસમાં ધ્યાને આવ્યું હતું. વેલવડ પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન સંચાલક દ્વારા ગંભીર ગેરરીતિ આચરીને બાળકો આપવા ભોજનનો જથ્થો બારોબાર સગેવગે કરી બાળકોનો પોષણ સાથે ચેડા કરેલ હોય જેને લઈ મદ્યાહન ભોજન સંચાલક સુમિત્રાબેન ચીનુભાઈ પરમારની નિમણૂંક રદ કરી ફરજ ઉપરથી કાયમ માટે દુર કરવામાં આવ્યા હતા અન પ્રા.શાાળાના આચાર્ય દિપીકાબેન પટેલ દ્વારા મધ્યાહન ભોજનના અનાજના જ્થ્થા સ્ટોક પત્રકની નિભાવણી કરવાની હોય પણ આચાર્ય તરીકે કામગીરી કરી ન હોવાનું તપાસમાં જણાઈ આવ્યું હતું. જેને લઈ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા આચાર્યને નોટીસ આપીને ખુલાસો માંગવામાં આવ્યો છે. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા મધ્યાહન ભોજનના અનાજનો જથ્થો સગેવગે કરતાં સંચાલકોની તપાસ શરૂ કરતાં જીલ્લામાં મધ્યાહન ભોજનના અનાજનો જથ્થો સગેવગે કરતાં સંચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## શહેરા અને ગ્રામ્ય વિસ્તારોમાં ફટાકડાના સ્ટોલ ખુલ્યા ગત વર્ષ કરતાં ૧૫ ટકા વધારો

શહેરા,

શહેરા નગર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દિવાળીના પર્વની શરૂઆત સાથે ફટાકડાના સ્ટોલ ખુલી જવા પામ્યા હતા. જ્યારે ફટાકડાના દુકાનદારો દ્વારા ભરચક વિસ્તારમાં ફટાકડાનું વેચાણ કરતા નજરે પડવા સાથે નિયમોનું પાલન કરવામાં તંત્ર આદેશ કરે એની રાહ દેખતા હોય એમ લાગી રહ્યું છે. જોકે, આ વખતે ફટાકડા બજારમાં ભાવમાં પણ ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયેલ જોવા મળી રહ્યો હતો. ગેરકાયદે ફટાકડાની અમુક દુકાનો ખુલી ગઈ હોય તેમજ પ્રાંત કચેરી માંથી લાયસન્સ મેળવીને પણ ધંધો કરતા ફટાકડાનો એ લોકો નિયમોનું પાલન નહીં કરતા હોય ત્યારે કોઈ મોટી ઘટનાને આમંત્રણ આપતા હોય એમ કહીએ તો નવાઈ નહીં સંબંધીત તંત્ર દ્વારા ખુલ્લી જગ્યામાં ફટાકડા બજાર ઊભું કરવામાં આવે એ પણ જરૂરી હોવા સાથે એક જ જગ્યાથી લોકોને ફટાકડાની ખરીદી કરવી પણ સહેલી પડી શકે તેમ છે. હાલ તો નગર વિસ્તારના બસ સ્ટેશન, મેઈન બજાર સહિત અન્ય વિસ્તારોમાં માર્ગને અડીને ફટાકડાનું વેચાણ ખાતે ગેરકાયદે ફટાકડાના સ્ટોલ પણ ખુલી ગયા હોય ત્યારે તંત્ર દ્વારા આ સામે અસરકારક કાર્યવાહી કાર્યવાહી હાથ ધરીને નિયમોનું પાલન કરવામાં આવે એ પણ જરૂરી હાલની પરિસ્થિતિ જોતા લાગી રહેલ છે. લાયસન્સ ફટાકડાનું વેચાણ કરવા માટે લીધેલ હોય એ દુકાનોમાં પણ તપાસ કરવામાં આવે તો નિયમોનું પાલન ફટાકડાનું વેચાણ કરતા દુકાનદારો નહિ કરતા હોવાની લોકોમાં ચર્ચા થઈ રહેલ હોય ત્યારે તંત્ર દ્વારા આ સમય તપાસ કરવામાં આવશે કે નહીં એ તો આવનાર દિવસોમાં ખબર પડી જશે તેમ છે.

## ગોધરા રાજન મસ્જીદ પાસે જાહેરમાં માંસ વેચતા સ્થળેથી ૧૧ કિલો માંસના જથ્થા સાથે બે ને ઝડપ્યા

ગોધરા,

ગોધરા પશ્ચિમ વિસ્તાર રાજન મસ્જીદ પાસે વેચાણ માટે માંસનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૧૧ કિલો માંસના જથ્થો રોકડા ૨૯૦૦/–રૂપીયા સહિત ૬૭૨૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે બેને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના પશ્ચિમ વિસ્તાર રાજન મસ્જીદ પાસે જાહેર જગ્યામાં વેચાણ માટે માંસનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૧૧ કિલો ગૌમાંસનો જથ્થો રોકડા ૨૯૦૦/–રૂપીયા, વજન કાંટો સહિત કિંમત ૬૭૨૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે બસરી યુસુફ અબ્દુલ રહેમાન બદામ, ઈશાક અબ્દુલા કલાને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## મોરવા(હ)ના સુલીયાત ગામે પીકઅપ ડાલાએ રીવર્સમાં બાઈકને ટકકર મારતાં ૩ વર્ષીય બાળકીનું મોત

મોરવા(હ),

મોરવા(હ)ના સુલીયાત ગામે ડેરી ફળીયામાં સંજેલીથી સુલીયાત જતા રસ્તા ઉપરથી બાઈક સરસવા ગામ તરફ જઈ રહ્યા હતા. ત્યારે પીકઅપ ડાલાના ચાલકે પોતાનું વાહન રીવર્સ લઈ બાઈક ચાલકને ઈજાઓ તેમજ પાછળ બેઠેલ ૩ વર્ષિય બાળકીને ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ)ના સુલીયાત ગામે ડેરી ફળીયા પાસે સંજેલીથી સુલીયાત જતા રસ્તા ઉપરથી બાઈક નંબર જીજે.૩૫.કે. ૧૪૬૫ન ચાલક પોતાના ઘરેથી સરસવા તરફ જઈ રહ્યા હતા. ત્યારે ડેરી પાસે પીકઅપ ડાલા નં.જીજે.૧૭.યુયુ.૩૫૨૫ના ચાલકે અચાનક પીકઅપ ડાલાને રીવર્સમાં લઈ બાઈકને ટકકર મારી બાઈક ચાલક અને બાઈક પર બેઠેલ વ્યકિતઓને ઈજાઓ પહોંચાડી તેમજ જાનવીબેન પ્રકાશભાઈ બામણીયા ઉ.વ.૩ ને ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે પીકઅપ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી.

## દાહોદ પાલિકા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે મીઠાઈ-ફરસાણ સહિત ૭૬ ખાદ્ય ચીજવસ્તુઓના નમુના લેવાયા



દાહોદ,

દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ દાહોદ નગરપાલિકાની ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા દાહોદ શહેરના મીઠાઈ તેમજ ફરસાણની દુકાનોમાં ધામા નાંખ્યાં હતાં અને મીઠાઈ, ફરસાણ સહિતના ખાદ્ય સામગ્રીના કુલ ૭૬ નમુનાઓ લઈ ચકાસણી માટે પ્રયોગશાળામાં મોકલી દેવામાં આવ્યાં છે. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા દાહોદ શહેરમાં કુલ ૪૫ સ્થળોએ મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં ચકાસણી હાથ ધરી હતી. જેમાંથી ૭૦ કિલો બળેલા તેલનો નાશ કરવામાં આવ્યો હતો.

દિવાળીનો તહેવાર નજીક હોઈ દાહોદ શહેરમાં મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે આવી દુકાનોમાં આરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રીનું વેચાણ થઈ રહ્યું છે કે કેમ ? તે બાબતની ચકાસણી માટે આજરોજ દાહોદ નગરપાલિકાની ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા શહેરના કુલ ૪૫ સ્થળોએ દુકાનોમાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી. મીઠાઈ અને ફરસાણની દુકાનો માંથી ખાદ્ય સામગ્રીના નમુનાઓમાં કુલ ૭૬ નમુનાઓ લેવામાં આવ્યાં હતાં. જેમાં વિવિધ મીઠાઈ અને વિવિધ ફરસાણ સહિતની ખાદ્ય સામગ્રીના નમુનાઓ લેવામાં આવ્યાં છે. વધુમાં ૪૫ એકમોની તપાસ કરતાં જેમાંથી ૭૦ કિલો બળેલા તેલ મળી આવતાં આ ૭૦ કિલો બળેલા તેલનો નાશ કરવામાં આવ્યો હતો.

## ગોધરાના ગોન્દ્રા વોર્ડ-૧૦માં ભુર્ગભ ગટરનું ચેમ્બર તુટી જતાં રોગચાળાની દહેશત

ગોધરા,

ગોધરા શહેરના વડોદરા હાઈવે રોડ પાસે આવેલ ગોન્દ્રા વોર્ડ નં.૧૦માં છેલ્લા લાંબા સમયથી ભુર્ગભ ગટર લાઈનની ચેમ્બર તુટી જતાં રોગચાળાની દહેશત સેવાઈ રહી છે. પાલિકા કચેરીમાં અનેક રજુઆતો છતાં મરામત કામગીરી નહિ કરતાં સ્થાનિક રહિશોમાં રોષ જોવા મળ્યો છે.

ગોધરાના ગોન્દ્રા વોર્ડ નં.૧૦ વિસ્તારમાં ભુર્ગભ ગટર લાઈનની ચેમ્બર ઘણાા લાંબા સમયથી તુટી ગયેલ છે. ગટરની ચેમ્બર તુટી જવાથી ગંદકીને લઈ સ્થાનિક રહિશો પરેશાન થઈ રહ્યા છે. તુટેલ ચેમ્બરની મરામત માટે સ્થાનિકો દ્વારા પાલિકામાં અવારનવાર રજુઆત કરવા છતાં રીપેરીંગ કરવામાં આવતું નથી. ગંદકીને લઈ હાલ આ વિસ્તારમાં રોગચાળાની દહેશત ઉભી થવા પામી છે.

## ગોધરા તાલુકાના ગોવિંદી ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ગોવિંદી ગામે રામદેવ મંદિર પાસે બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી અન્ય બાઈકને અથડાવી દઈ તેને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી તેમજ પોતાને ઈજાઓ પહોંચાડી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગોવિંદી ગામે રામદેવ મંદિર પાસે બાઈક નં.જીજે.૧૭.બીએસ.૪૦૪૫ના ચાલકે પોતાનું બાઈક પુરઝડપે બેદરકારીથી હંકારી લાવી બજાજ ડિસ્કવર બાઈક નં.જીજે.૧૭.બીકે. ૫૦૫૬ને અથડાવી દઈ બાઈક ચાલક દિલીપભાઈ શનાભાઈ પણદા ઉ.વ.૩૨ (રહે. ગોવિંદી)ને શરીરે અને માથાના ભાગે તેમજ આંખના ભાગે હાથ–પગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું અને આરોપી ચાલકે પોતાને પણ ઈજાઓ પહોંચાડી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

## ઝાલોદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ તેમજ નગરનું ગૌરવ વધારતા પ્રોફેસર બી.એમ.ગોહીલ




ઝાલોદ,

ઝાલોદ નગરના દરેક સામાજીક કાર્યોમાં અગ્રેસર તેમજ નગરને જરૂર હોય તેવા કોઈ પણ સારા કાર્યોમાં સદાય સાથ આપનાર પ્રો.બી.એમ. ગોહીલ નગરને સદાય ગૌરવ અપાવનાર સેવાકીય કાર્યો કરતા આવતા હોય છે. ઝાલોદ નગરમાં વર્ષોથી વસવાટ કરનાર અને નગરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં નોકરી કરનાર પ્રો.બી.એમ. ગોહીલનુ સન્માન રાજ્યકક્ષાએ કરવામાં આવ્યું હતું. આ રાજ્યકક્ષાના સમારંભમાં ભારતમાંથી જુદા જુદા રાજ્યો માંથી પ્રોફેસર આવ્યા હતા. જેમાંથી સારા સેવક તરીકે એન.એસ.એસ યુનિટના પ્રો.બી.એમ.ગોહીલનુ સન્માન કરવામાં આવતા નગરજનો દ્વારા રૂબરૂ મળી તેમજ સોશિયલ મીડિયા મારફત શુભેચ્છાઓ આપવામાં આવી હતી. મારૂં ઝાલોદ મારા નગરનું ગૌરવ તરીકે સહુ લોકો અભિનંદન આપ્યા હતા.

## દાહોદમાં મિલાપ શાહની હત્યા કેસમાં વધુ બે આરોપીની ધરપકડ કરાઈ

દાહોદ,

દાહોદમાં મિલાપ શાહની હત્યા કેસમાં મુંબઈના અન્ય બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. હત્યા બાદ લૂંટાયેલા દાગીના ફાઈનાન્સ કંપનીમાં ગીરવે મૂક્યા હતા. પોલીસે ઘરેણા રિકવર કર્યા છે. કબજે લેવાયેલા દાગીનામાં લોહીના નિશાન જોવા મળ્યા છે. બંનેની ધરપકડ કરીને પોલીસે તપાસ આગળ વધારી છે.

દાહોદમાં ૨૬ ઓક્ટોબરે હત્યા કરાયેલી હાલતમાં મિલાપ શાહનો મૃતદેહ મળ્યો હતો. આ હત્યાના કેસમાં પોલીસે અગાઉ બે યુવકોની ધરપકડ કરીને તેમના ૧૦ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ત્યારે તપાસ મુંબઈમાં તપાસ દરમિયાન પોલીસે મિલાપ પાસેથી લુંટેલા દાગીના રિકવર કર્યા હતા.

હત્યામાં શામેલ બે યુવકોએ મુંબઈના જ અન્ય બે યુવકોની મદદથી મુથુટ ફાઈનાન્સમાં દાગીના દોઢ લાખમાં ગીરવે મુક્યા હતા. દાગીના રિકવર કરીને દાગીના ગીરવે મુકવામાં મદદ કરનાર યુવકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

## ઝાલોદ શ્રી સ્વામિનારાયણ મંદિરે અન્નકૂટ દર્શન સાથે દિવાળી સભા યોજાઈ

ઝાલોદ,

તારીખ ૦૮–૧૧–૨૦૨૩ બુધવારના રોજ મુવાડા ચોકડી પર આવેલ સ્વામિનારાયણ મંદિરે સંતો દ્વારા અન્નકૂટના દર્શન સાથે દિવાળીની શુભેચ્છા નિમિતે દિવાળી સભા યોજાઈ હતી. આ દિવાળી સભાનો લાભ લેવા મોટાં પ્રમાણમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા હરિભકતો નગરના આજુબાજુના વિસ્તારોમાંથી મંદિરે આવેલ હતા.

દિવાળી પહેલા યોજેલ દિવાળી સભામાં સંતવાણી આપવા આવેલ સંતો દ્વારા દિવાળીનો સાચો અર્થ શું તે સમજાવવામાં આવ્યું હતું. સંતો દ્વારા દિવાળી સભામાં સહુને વાણી દ્વારા અમૃત રસનું રસપાન કરાવવામાં આવ્યું હતું. સભામાં સંતો દ્વારા દિવાળી વિશે સમજ આપતા કહેવામાં આવ્યું કે દિવાળીમાં જેમ ઘરે દીપ પ્રગટાવીએ છીએ તેમ આપણે સહુ આપણી આત્માનો દીવો પ્રજ્વલિત કરીએ. આજના દિવસોમાં તહેવારો ઉજવવામાં ફક્ત ફોર્માલીટી થતી હોય તેમ લાગે છે. આજના જીવનમાં મનુષ્ય દરેક કાર્ય ફક્ત ફોર્માલીટી માટે કરતો હોય તેમ લાગે છે. દિવાળી ઉજવવામાં દિવાળુના નિકળે તેનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. દિવાળીમાં દીવો કરવો હોયતો પોતાની અંતરાત્માનો દીવો કરાય, દિવાળી હોય તો ઘરમાં બધું નવ કરતા હોઈએ તો વિચારો પણ નવા અને સારા લાવીએ. આપણે દિવાળી નિમિત્તે સારા સંબંધ હોય તેમને રાજી રાખવાનો પ્રયત્ન કરીએ છીએ તો જે સંબંધ સમજફેર થી તૂટયા હોય તો તે સંબંધને પણ મહત્વ આપી જૂનું બધું જતું કરી સંબંધમાં નવીનતા લાવીએ. રાજી કરવા હોય તો મહારાજને રાજી કરાય બાકી બધું વ્યર્થ છે. મહારાજની કૃપા લેવા સંબંધોમાં પૂર્વગ્રહ, હઠ, જીદ છોડો અને જેટલું જીવન જીવવાનું છે તેમાં કોઈ પણ વ્યક્તિ સાથે આટી કે વેરઝેર રાખ્યા વગર પ્રેમનો સંબંધ મજબૂત કરાય.

આ નવા વર્ષમાં આપણે નવી શરૂઆત કરીએ એક બીજાના મનની ગાંઠ છોડીએ એક બીજાના પુરાક બનીએ, અહંકાર છોડી સત્કાર્ય તરફ વળીએ જેના સાથે સંબંધો બગડયા છે, તેના સાથે સંબંધોમાં મધુરતા લાવીએ. દિવાળીમાં મોઢું મીઠું કરવા જેમ મીઠાઈ ખાઈએ છીએ તેમ સંબંધોમાં મીઠાશ લાવીએ, ભૂતકાળને ભૂલી નવાં ભવિષ્ય તરફ આગળ વધીએ. સહુ સાથે બગડેલ સંબંધ જોડી સાચા અર્થમાં દિવાળી ઉજવીએ. એક કદમ સંબંધ સુધારવા આગળ વધીએ, કોઈ પણ વ્યક્તિમાં બુરાઈ ન જોઈએ, સત્કર્મ તેમજ સારી વાતો કરી લોકોના દિલ જીતીએ આવી સુંદર વિચારધારા ઉપસ્થિત સ્વામિનારાયણ સંતો દ્વારા કરવામાં આવી હતી. છેલ્લે સહુ હરિભક્તો માટે સામૈયાનુ આયોજન કરાયું હતું તેનો લાભ સહુ હરિભક્તો એ લીધો હતો.

## શહેરાના કવાલી ગામેથી ૧૯૦૦ રૂા.ના કવાટરીયા ઝડપ્યા

શહેરા,

શહેરા તાલુકાના કવાલી ગામે રહેતા ઈસમે પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ કવાટરીયા કિંમત ૧૯૦૦૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના કવાલી ગામે રહેતા ભારતભાઈ ઉર્ફે ભલાભાઈ મોહનભાઈ ચૌહાણ પોતાના કાપડની થેલીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઘર માંથી ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટીક કવાટરીયા નંગ–૧૯ કિંમત ૧૯૦૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.69